# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ:-02 તા.13-09-2021

## સૌરાષ્ટ્ર પંથકમાં ભારે વરસાદ થતા ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર પાટીલ સાહેબે તમામ માહીતી મેળવી જિલ્લાના પ્રમુખોને જનતાની સેવામાં સહભાગી થવા આહવાહન કર્યું

## સૌરાષ્ટ્રમાં આવેલ વરસાદી આફત સમયે ભારતીય જનતા પાર્ટીના સંગઠનના કાર્યકરો રેસ્કયુ તથા રાહત કાર્યોમાં જોડાયા

ભારતીય જનતા પાર્ટી એક અખબારી યાદીમાં જણાવે છે કે ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં રાજકોટ,જામનગર,જૂનાગઢ અને દ્વારકા જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો છે. આ વિસ્તારમાં મેઘ રાજાના રૌદ્ર સ્વરૂપ ને પગલે જન જીવન પર માઠી અસર પહોંચી છે. અનરાધાર વરસાદથી જન જીવન ખોરવાયું છે અચાનક આવેલી કપરી સ્થિતિમાં અસરગ્રસ્ત વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ ભારતીય જનતા પાર્ટીનાઆગેવાનો અને કાર્યકરો લોકોની મદદે પહોંચ્યા છે. ભારતીય જનતા પાર્ટીના આગેવાનો અને કાર્યકરો અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને સલામત સ્થળે ખસેડવા, ફુડ પેકેટ વિતરણ, પીવાના પાણીની વ્યવસ્થા સહિતની કામગીરી શરૂ કરી છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ તેમજ હોદેદારો જનતાની સાથે છે અને બનતી દરેક મદદ માટે તત્પર છે.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે સૌરાષ્ટ્ર પંથકમાં ભારે વરસાદની તમામ માહીતી મેળવી અસરગ્રસ્ત વિસ્તારના ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પ્રમુખશ્રીઓ સાથે ચર્ચા કરી અને માર્ગદર્શન આપી સરકાર અને સંગઠન સાથે મળી અસરગ્રસ્ત વિસ્તારમાં જનતાની તમામ બનતી મદદ કરવા આહવાહન કર્યું છે. સૌરાષ્ટ્ર પંથકમાં વરસાદી આફત સામે ભારતીય જનતા પાર્ટીના સંગઠનના કાર્યકરો રેસ્કયુ અને રાહત કાર્યમાં જોડાયા છે.

ડૉ.યજ્ઞેશ દવે

(પ્રદેશ મિડિયા કન્વીનર)